# Be the BEST

BAPS Presentation

Day-03 | 05 June, 2020




स्वामिनारायण

BAPS

## “Satsang”

### ‘સદ્‌ગુણ સાગર’



બાળકો, આપણા સૌના ગુરુ પ્રમુખસ્વામી મહારાજ એટલે ગુણનો ભંડાર, ગુણનો મહાસાગર. એમના માટે ગવાયું છે ને

સદ્‌ગુણ સાગર પ્રમુખસ્વામી.....
વંદન કરીએ શિરનામી......

તો ચાલો, આજે આપણે પ્રમુખસ્વામી મહારાજના ગુણોનું લીસ્ટ બનાવીશું. નીચે આપેલી લીંક પર ક્લિક કરી સદ્‌ગુણ શોધીએ અને તેમાંથી આપણે કોઈપણ એક ગુણ આ અઠવાડિયામાં શીખવાનો પ્રયત્ન કરીએ.

Click here

### ‘ઝડપથી યાદ રાખો’

## “Study Technique”

બાળમિત્રો, આ વખતે લાં...બા સમયથી આપણે વેકેશન માણી રહ્યા છીએ. પરંતુ, હવે ઘણાંબધાના સ્કૂલ-ટ્યુશન શરુ થયાં હશે. તો ચાલો, આજે આપણે અભ્યાસમાં નંબર વન બનવાની એક ટેક્નીક શીખીશું. લીંક દબાવો અને શીખો...

Click here





# "General Knowledge"

## પુષ્પો - પ્રકૃતિનો આશીર્વાદ

રંગબેરંગી અને સુગંધી ફૂલો એ ધરતી પરનું પ્રકૃતિનું વરદાન છે. તેમાંય વસંતઋતુમાં ઠેરઠેર રંગબેરંગી ફૂલો ખીલી ઊઠે છે. અને પ્રકૃતિ જાણે રંગબેરંગી ફૂલોરૂપી ઘરેણાંના શણગારથી શોભી ઊઠે છે.

- **ફૂલછોડ પર સંશોધન કરતા વૈજ્ઞાનિકો કહે છે : આ પૃથ્વી પર આશરે ૩,૭૦,૫૯૦ જેટલી વિવિધ ફૂલછોડની પ્રજાતિઓ છે.**
- **દુનિયાનું સૌથી મોટું ફૂલ 'રિફ્લેશિયા' છે. તેનું વજન ૭ થી ૮ કિલોગ્રામ અને પાંદડાં અડધો મીટર લાંબા અને ૧ ઈંચ જાડાં હોય છે. દુનિયાનું સૌથી નાનું ફૂલ 'ડકવીડ' છે. જે માઇક્રોસ્કોપથી દેખાય છે.**
- **ઈંગ્લેન્ડમાં 'જિરેનિયમ' નામના ફૂલછોડની ચોરી કરનારને પાંચ વર્ષની સજા થાય છે.**
- **આશરે ૧૦૦ કિલોગ્રામ ફૂલોના અર્કમાંથી ૮૦ થી ૯૦ મિલિગ્રામ અત્તર બને છે.**
- **૧૦૦થી પણ વધુ ફૂલોનું વર્ણન મહાકવિ કાલિદાસે પોતાની કવિતાઓમાં કર્યું છે.**
- **કારોલસ લિનીઅસ નામના વનસ્પતિ શાસ્ત્રીએ અનેક વર્ષોના સંશોધન બાદ શોધી કાઢ્યું છે કે ફૂલછોડનાં પણ માતા-પિતા હોય છે.**
- **ગુલાબ, ગુલછડી, આઈરીસ, કોર્નન, લીલી, ડેફોડિલ, ટ્યુલિપ જેવાં ફૂલો મુગલ બાદશાહ આપણા દેશમાં લાવેલા. તથા અંગ્રેજોએ પ્રાઈમુલા, એનિમોન, આઈરિસ, લિલિયમ, ઈસ્ટર, બાલસમ, બિગોનિયા, ઑર્કિડ જેવાં ફૂલો શોધેલાં.**



- **ભારતભરમાં દરરોજ આશરે ૧૦,૦૦૦ ટન થી વધુ પુષ્પો દેવમંદિરોમાં દેવી-દેવતાઓને ચઢાવવામાં આવે છે.**
- **કમળ ભારતનું રાષ્ટ્રીય ફૂલ છે. પૌરાણિક યુગમાં દેવતાઓને રીઝવવા માટે કમળપૂજા કરવામાં આવતી. શરીરનાં અંગો આંખ(નેત્રકમલ), હાથ(કરકમળ), પગ(ચરણકમળ), હોઠ(ઓષ્ઠકમળ), મોં(મુખકમળ), હૃદય(હૃદયકમળ)ની સરખામણી કમળ સાથે કરવામાં આવે છે.**
- **શ્રીજીમહારાજને મોગરાનાં પુષ્પો પ્રિય હતાં. આજે બી.એ.પી.એસ. મંદિરોમાં ઠાકોરજીને દરરોજ વિવિધ પુષ્પોના હાર-તોરા ચઢાવાય છે. તથા પ્રસંગોપાત ફૂલોના શણગાર કરવામાં આવે છે.**





## "Skills"




### 'વેસ્ટમાંથી બેસ્ટ'



બાળમિત્રો,

તમારા ઘરે Newspaper તો આવતા જ હશે. તો ચાલો, જૂના Newspaper લઇ લો અને તેમાંથી આપણે કંઇક નવું બનાવતા શીખીશું. નીચે આપેલ લીંક ક્લિક કરો અને વિડિયોમાં બતાવેલા Steps Follow કરો અને બનાવો વેસ્ટ Newspaper માંથી બેસ્ટ વસ્તુઓ...

Click here

## "Fun Time"



### 'Water Transfer'



ચાલો ચાલો...

હવે જલ્દીથી ફેમેલીના બધા મેમ્બરોને ભેગા કરો. આપણે એક સરસ મજાની રમત રમીશું. રમત રમવા અહીં આપેલી લીં ક પર ક્લિક કરો.

Click here

# 'My Guru, My Life'



તા. ૨૨/૦૯/૨૦૧૬નાં રોજ સ્વામીશ્રી સારંગપુરમાં બિરાજમાન હતા. આજરોજ મંદિર દર્શન બાદ સ્વામીશ્રી પોતાના કાર્યકક્ષ તરફ આવી રહ્યા હતા, ત્યારે માર્ગમાં પરદેશના સંતો હરોળબદ્ધ ઊભા રહી ગયેલા. જેવા સ્વામીશ્રી તેઓ પાસેથી પસાર થયા કે તે સૌ એક પછી એક પોતાનો પરિચય આપતાં બોલવા લાગ્યાઃ
'I am from England'
(હું ઇંગ્લેન્ડથી આવું છું)...
'I am from America'
(હું અમેરિકાથી આવું છું)...
'I am from Australia'
(હું ઓસ્ટ્રેલિયાથી આવું છું)...
'I am from New Zealand' (હું ન્યુઝીલેન્ડથી આવું છું)...
'I am from South Africa' (હું સાઉથ આફ્રિકાથી આવું છું)...
અંતે સ્વામીશ્રીના ઓરડાના બારણા પાસે ઊભેલા જ્ઞાનમનનદાસ સ્વામીએ સ્વામીશ્રીને પૂછ્યુંઃ 'Where are you from? - આપ ક્યાંથી આવો છો?'
''અક્ષરધામથી.'' સ્વામીશ્રી તરત જ બોલ્યા.
અનિર્દેશનો આ નિર્દેશ સાંભળી સૌ ઝૂમી ઊઠયા.

# "Memories"



















**Friends,** આપને ખૂબ જ આનંદ થશે કે...
**"Be the Best"** ની બધી **activity** દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યાં છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલાં
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

Click here

# આપનો ડૉક્ટર મિત્ર





દર ૨૦ મિનિટે
સાબુથી ઘસીને હાથ
ધોઈ નાંખશો.



ઉધરસ/છીંક
આવે તો રૂમાલ
રાખીને ખાશો.



બહાર જાવ
ત્યારે માસ્ક
હમેંશા પહેરશો.



ઘરની બહાર
નીકળવું નહિ.



આંખ, મોઢું, નાકને
સ્પર્શ કરવાનું ટાળો.



ઘરમાં એકબીજા
સભ્યોથી દૂર રહો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. **( 9998999209)**

Click here

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી તે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.
પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ

Be The Best